**જિલ્લા નાયબ નિયામક, વિકસતી જાતિની કચેરી,**

**જિલ્લાસેવાસદન–૨, જી–૬, એનેક્ષી બિલ્ડીંગ, ભાવનગર**

ફોનનં.(૦૨૭૮) ૨૪૨૨૬૯૬ ઈ–મેઈલ: dydir-dc-sw-bav@gujarat.gov.in

નં.વિજાક/ટેબલેટ સહાય/૨૦૧૯-૨૦/ ૭૬૪૫. તા.૦૬/૦૯/૨૦૧૯

**ટોચ અગ્રતા**

**સમય મર્યાદા**

ડિજિટલ ગુજરત પોર્ટલ

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
આવક નં. ૫૫૦૫
તારીખ: ૯/૯/૧૯
શાખા: ...

પ્રતિ, BOOK POST

આચાર્યશ્રી,

........................................................................................

........................................................................................

મુ.................................. તા.................................

જિ. ભાવનગર

**વિષય: વર્ષ: ૨૦૧૯-૨૦ની વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટેની ટેબલેટ સહાય યોજનાનો અમલ Digital Gujarat Portal મારફત કરવા બાબત.**

(http://www.digitalgujarat.gov.in)

ભાવનગર જિલ્લાની તમામ કોલેજોના પ્રિન્સિપાલશ્રીઓને જણાવવાનું કે ગુજરાત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૬/૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૪-ન.બા.૩૪૭ અ-૧ થી ધો-૧૨ના તમામ પ્રવાહોમાં ઉત્તિર્ણ થઇ વર્ષ ૨૦૧૯-૨૦ માં માન્ય યુનિવર્સિટીમાં સ્નાતક અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવી શિક્ષણ વિભાગ તરફથી રૂ.૧૦૦૦/-ના ટોકન દરે ટેબલેટ મેળવનાર વિદ્યાર્થીઓને તેમના માતા-પિતાની વાર્ષિક આવક ધ્યાને લીધા સિવાય રૂ.૧૦૦૦/- વિદ્યાર્થીઓને પરત ચુકવવા (રીએમ્બર્સ કરવા) ઠરાવેલ છે.

રાજ્ય સરકારશ્રીની સુચના મુજબ ગત વર્ષે ધો-૧૨ની પરીક્ષા ઉત્તિર્ણ કરી વર્ષ ૨૦૧૯-૨૦ માં આપશ્રીની કોલેજમાં સ્નાતક અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના જે વિદ્યાર્થીઓને શિક્ષણ વિભાગ તરફથી રૂ.૧૦૦૦/-ના ટોકન દરે ટેબલેટ આપવામાં આવેલ હોય તેવા તમામ વિદ્યાર્થીઓને રૂ.૧૦૦૦/- ડી.બી.ટી.(ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર) થી પરત ચુકવવાના હોવાથી સા.શૈ.પ.વ.ના વિદ્યાર્થીઓ પાસેથી નિયત નમુનાના અરજીપત્રક સાથે ધો-૧૨ની માર્કશીટ, સક્ષમ અધિકારીશ્રીનું જાતિ પ્રમાણપત્ર, પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવી હાલમાં અભ્યાસમાં ચાલુ હોવા અંગેનું કોલેજના પ્રિન્સિપાલશ્રીનું

Scanned by CamScanner

બોનાફાઈડ સર્ટીફીકેટ, સ્નાતકના પ્રથમ વર્ષની ફી ની પાવતીની નકલ, ટેબલેટ માટે ભરેલ રૂ.૧૦૦૦/- ટોકન ફીની નકલ, વિદ્યાર્થીની બેંક પાસબુકની નકલ, આધારકાર્ડની નકલ, ટેબલેટ સિરીયલ નંબર, મોડલ નંબરની વિગતો મેળવી **ખાસ કરીને વિદ્યાર્થીના બેક ખાતા નંબર, આઇ.એફ.એસ.સી. નંબર, બેંકનું નામ, બેંકની બ્રાંચનીવિગત** તથા **આધારનંબરની પુરતી ચકાસણી** કરી આ સાથે સામેલ નિયત નમુનાના અંગ્રેજી પત્રકમાં તમામ કોલમોમાં સંપુર્ણ સાચી વિગતો એકસેલ શીટમાં તૈયાર કરી હાર્ડકોપી તથા સોફટ કોપીમાં ફાઇલ સાથે **૩૦મી સપ્ટેમ્બર સુધીમાં** બિનચુક અત્રેની કચેરીએ મોકલી આપવા વિનંતી છે.

અન્ય સુચનાઓ:

૧. વર્ષ: ૨૦૧૯-૨૦ની ટેબલેટ સહાયની દરખાસ્તો વિદ્યાર્થીઓએ Online કરાવાની હોય દરેક વિદ્યાર્થીઓને Digital Gujarat માં દરખાસ્ત કરવાની રહેશે. (પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિમાં જે રીતે દરખાસ્ત કરવાની હોય તે રીતે જ દરખાસ્ત કરવાની રહેશે.)
૨. દરખાસ્ત કરનાર વિદ્યાર્થી સ્નાતક કક્ષાના કોઇ પણ પ્રવાહમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ લીધેલ હોવો જોઇએ.
૩. દરખાસ્ત કરનાર વિદ્યાર્થીને શિક્ષણ ખાતા તરફથી ટેબલેટ મળેલ હોવું જોઇએ.
૪. દરખાસ્ત કરનાર વિદ્યાર્થીએ રૂ.૧૦૦૦/- શિક્ષણ ખાતામાં ભરેલ હોવા જોઇએ.

જિલ્લા નાયબ નિયામક
(વિ.જા.) ભાવનગર

**નકલ જય ભારત સાથ રવાના :-**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુ.રા. ગાંધીનગર. – જાણ સારૂ...
(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, બહુમાળીભવન, ભાવનગર. – આપના હસ્તકની તમામ સ્નાતક કોલેજોને જાણ કરવા સારૂ...
(૩) કુલપતિશ્રી, એમ. કે. ભાવનગર યુનિવર્સીટી, ભાવનગર – આપની વેબસાઇટ પર મુકવા તેમજ કોલેજોને

ક્રમાંક:યોજના/પરચ/૨૦૧૯/353
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર તા. ૨૧/૦૯/૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
જિ.ભાવનગર

ઉક્ત પત્રની જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
વિ ભાવનગર

નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:
શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી

Scanned by CamScanner

## Tablet Detaels

College Name :

| Sr. No. | Students' Full Name | Caste | Gender Male / Female | Passing Year of Std.12 | Percentage Obtain in Std.12 | Class/ Faculty Studying In Current Year | mobile No. | Bank Name | Branch | Acoount No. | IFSC Code | Adhar No. | Tablet Serial No. | Model No. | Paid Tablet Fee |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 |
| 2 | | | | | | | | | | | | | | | |
| 3 | | | | | | | | | | | | | | | |
| 4 | | | | | | | | | | | | | | | |
| 5 | | | | | | | | | | | | | | | |

નોંધ: ૧. આ માહિતી એકસલસીટમાં <u>અંગ્રેજીમાં</u> તૈયાર કરવી તેમજ <u>હાર્ડકોપી તથા સોફટકોપીમાં</u> માહિતી આપવી તથા <u>એકસલશીટનું નામ કોલેજનું નામ</u> રાખવું.

૨. વર્ષ <u>૨૦૧૯-૨૦</u> માં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા ટેબલેટ મળેલ હોય તેવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનાં વિદ્યાર્થીઓની જ માહિતી મોકલવી.

૩. બેક પાસ બુકમાં જે <u>ખાતાનંબર તથા આઇ.એફ.એસ.સી.</u> નંબર લખાયેલ હોય તે મુજબ બેક પાસબુક સાથે ખરાઇ કરીને જ ખાતા નંબર તથા આઇ.એફ.એસ.સી. નંબર લખવો. (દા.ત. ખાતા નંબર આગળ 0 (ઝીરો) લખેલ હોય તો ઝીરો ફરજીયાત લખવાનો રહેશે.)

### પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે, કે અત્રેની કોલજમાં અભ્યાસ કરતા પત્રકમાં જણાવ્યા મુજબના વિદ્યાર્થીઓના ફોર્મની વિગતો તથા ફોર્મ સાથે રજુ કરેલ આધાર પુરાવાઓની અમોએ પુરતી ચકાસણી અને ખરાઇ કરેલ છે. જે બરાબર અને સાચા છે. વિદ્યાર્થીઓએ ભરેલ ફોર્મ સાથે રજુ કરેલ આધાર પુરાવાઓની પ્રમાણિત નકલો કોલેજના રેકર્ડ પર રાખવામાં આવેલ છે.

પ્રિન્સીપાલનો સહી / સિકકો

Scanned by CamScanner